ક્રમાંકઃ કા/જમન/ટે.૧૧/ ૫૭ /૨૦૨૦-૨૧
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,
કચ્છ પશ્ચિમ વન વિભાગ,
અરિહંતનગર રોડ,ભુજ.
તા. ૫ /૦૬/૨૦૨૦

પ્રતિ,
શ્રી દેવેન્દ્રસિંહ સોલંકી,
ઓથીરાઈઝડ સિગ્નેચરી, બુધા રીન્યુએબલ એનર્જી પ્રા.લી.,
૫૦૫, અર્થ એરીસ, વાય.એમ.સી.એ. કલબ પહેલાં,
સરખેજ ગાંધીનગર હાઈ-વે, મરકબા, અમદાવાદ
૩૮૦૦૧૫.

વિષયઃ- **Diversion of 484.5977 hectar of Forest land in Villages: Laxmipur(Netra), Lifri, Nagviri & Ghadani in Nakhatrana Taluka and Matanamadh, Murachban, Samajiyaro, Ekliyo, Junagiya, Ramaniya, Chakarai, Baranda, Lakshmirani, Bhujpur, Nareda, Ratipal, Mudhan & Ukher Villages of Lakhapat Taluka in Kutch district for setting up 630 MW of Wind Energy Project under Forest Conservation act, 1980.**

સંદર્ભઃ- ૧. ઓન-લાઈન પ્રપોઝલ નં. FP/GJ/WIND/44682/2020, 21/02/2020.
૨. આપશ્રીની કંપનીના પત્ર નં. BREPL/FCA/Gujarat/Kutch/2020- 21, Dt.-14/05/2020

જય ભારત સાથ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, આપશ્રીએ ઉપરોકત સંદર્ભ-૧ થી ફોરેસ્ટ કલીયરન્સની સાઈટ પર ઓનલાઈન તથા સંદર્ભપત્ર-૨ થી ઉપરોકત વિષયોન્વયેની બિન-જંગલકીય કામગીરી કરવા માટેની ભારતીય વન સંરક્ષણ ધારા-૧૯૮૦ અન્વયેની દરખાસ્ત અત્રે રજુ કરેલ છે. જેની અત્રેની કચેરીએ ચકાસણી કરતાં નિચે મુજબની ત્રુટીઓ જણાઈ આવેલ છે :-

૧. દરખાસ્તમાં નિયત નમુનાના ચેકલીસ્ટની વિગત દર્શાવતું ઈન્ડેક્ષ સામેલ થઈ આવેલ નથી.
૨. ઓનલાઈન સબમીશનના ફોર્મ-એ પાર્ટ-૧ તથા એકનોલોજમેન્ટ સ્લીપ માં પ્રપોઝડ ડાયવર્ઝન વિસ્તારઃ ૫૦૭.૩૭૪૯ હે. છે જયારે અત્રેને સંદર્ભ-૨ થી મળેલ દરખાસ્તની હાર્ડકોપીમાં ડીમાન્ડ લેટર, એનેક્ષર-૭ તથા સંલગ્ન નકશા તથા સાધનિક કાગળો માં પ્રપોઝડ ડાયવર્ઝન એરીયાઃ ૪૮૪.૫૯૭૭ હે. દર્શાવેલ છે. જેની વિગતવાર સ્પષ્ટતા કરવી. તથા ઓનલાઈન સબમીશન કરેલ દરખાસ્ત સાથે અત્રે રજુ કરેલ હાર્ડકોપીની પ્રત-૬ માં જણાવેલ વિગતો સુ-સંગત થતી નથી. જેથી ખરેખર કેટલા વિસ્તારની માંગણી છે તે મુજબનું તમામ ઓનલાઈન સબમીશન કરવું તથા તે મુજબની હાર્ડકોપી અત્રે રજુ કરશો.
૩. ઓનલાઈન પોર્ટલ પર અપલોડ કરેલ માંગણીવાળા વિસ્તારની કે.એમ.એલ. ફાઈલમાં માત્ર વિન્ડમીલના લોકેશનો વર્તુળાકારમાં દર્શાવેલ છે. જયારે દરખાસ્તમાં માંગણી કરવામાં આવેલ ઈલેકટ્રીકલાઈન વિથ રોડ તથા ઈલેકટ્રીકલાઈન અપલોડ કરેલ કે.એમ.એલ. માં દર્શાવેલ નથી. જે યોગ્ય કરવું.
૪. માંગણીવાળા વિસ્તારમાં લખપત તાલુકાના મોજેઃ રતીપાર રખાલ, ભુજપર, લક્ષ્મીરાણી, નરેડો, ચકારાઈ, સામજીયારો તથા માતાનામઢ ના વન વિસ્તારમાં દર્શાવેલ મોટા ભાગના વિન્ડમીલ ટર્બાઈન તથા રોડ અને ઈલેકટ્રીકલાઈન એ અત્રેના વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવેલ નારાયણ સરોવર વન્યપ્રાણી અભયારણ્યના ઈકો-સેન્સેટીવ ઝોન વિસ્તારમાં આવી જાય છે. તો આ બાબતે આપશ્રીએ અભયારણ્યના ઈકો-સેન્સેટીવ બાબતેની મંજુરી મળેલ છે કે કેમ? તે અંગેની સ્પષ્ટતા કરવી.
૫. માંગણીવાળા વિસ્તારમાં લખપત તાલુકાના મોજેઃ રતીપાર રખાલમાં દર્શાવેલ બે લોકેશનો એ રતીપાર થી બહાર અને અત્રેના વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવેલ નારાયણ સરોવર વન્યપ્રાણી અભયારણ્ય વિસ્તારમાં આવી જાય છે. તો આ બાબતે આપશ્રીએ અભયારણ્યમાં સદરહુ કામગીરી કરવા બાબતેની મંજુરી મળેલ છે કે કેમ? તે અંગેની સ્પષ્ટતા કરવી.
૬. અત્રે રજુ કરેલી દરખાસ્તના ચેકલીસ્ટનં.૩૨/૭(સામજીયારો), ૩૨/૮(એકલીયો), ૩૨/૯(જુણાગીયા), ૩૨/૧૦(રામાણીયા), ૩૨/૧૨(બરંદા) ના નકશાઓમાં દર્શાવેલ વન-વિસ્તારની હદરેખા એ અત્રેના કચેરી રેકર્ડ સાથે સુસંગત થત નથી. જે યોગ્ય કરવું.
૭. દરખાસ્તના એનેક્ષર-૩, ફોર્મ એ પાર્ટ-૧ ની કોલમ નં.૨ માં Propose wise breackup of the total land required ની વિગતમાં - as per checlist no. 7 & 8 એવું દર્શાવેલ છે. જે લાગુ પડતી વિગતે યોગ્ય કરવું તથા તેમાં માંગણીવાળા કુલ વિસ્તારનો સમાવેશ બ્રેકઅપ સાથે કરવો.
૮. દરખાસ્તના એનેક્ષર-૩, ફોર્મ એ પાર્ટ-૧ ની કોલમ નં.૫ માં લાગુ પડતા ચેકલીસ્ટ / એનેક્ષર નંબર દર્શાવવા.
૯. દરખાસ્તના ચેકલીસ્ટ નં.-૧૫ માં માંગ્યા મુજબનું કલેકટરશ્રીનું એફ.આર.એ.-૨૦૦૬ નું નિયત નમુનાનું પ્રમાણપત્ર સામેલ થઈ આવેલ નથી. જે બિડાણ કરવું.



Scanned with CamScanner

૧૦. દરખાસ્તના ચેકલીસ્ટ નં.–૧૮ માં જણાવ્યા મુજબની વિગતે વળતર વનિકરણ પેટે આપવાની થતી સી.એ.લેન્ડની હાલની સ્થીતી, તેનું સ્ટેટસ, ગામ નમુના નં૭/૧૨, ૮–અ, હકકપત્રક નં–૬, સદરહુ જમીન વળતર વનિકરણ પેટે અત્રેના વિભાગને આપવા માટે કરવામાં આવેલ કાર્યવાહીના સાધનિક કાગળો.

૧૧. નિયત નમુનાના દરખાસ્તના ચેકલીસ્ટ નં.–૩૪ માં માંગ્યા મુજબની વિગત સામેલ થઈ આવેલ નથી.

૧૨. દરખાસ્તના નિયત નમુનાના ચેકલીસ્ટ મુજબ વિન્ડફાર્મ પ્રોજેકટ માટે– E. Additional Checklist for Windfarm ના આ સાથે સામેલ નિયત નમુનાના ચેકલીસ્ટમાં યુઝર એજન્સીએ આપવાના થતાં એનેક્ષરો સામેલ થઈ આવે નથી.

૧૩. ઉક્તે મુદા નં.૨ માં જણાવ્યા મુજબ દરખાસ્તમાં માંગણીવાળો વન વિસ્તારઃ ૫૦૭.૩૭૪૯ હે. અથવા ૪૮૪.૫૯૭૭ હે. તે બાબતેની જરુરી સ્પષ્ટતા થયેથી તથા તે અન્વયેના જરુરી સુધારા સાથેની દરખાસ્ત ઓનલાઈન વેબ–પોર્ટલ/ફીઝીકલ ફાઈલ (હાર્ડકોપી નંગ–૬) માં રજુ કર્યેથી તે અન્વયેની જરુરી/વિગતવાર ચકાસણી અત્રેથી કરવામાં આવશે.

આમ, ઉપર જણાવ્યા મુજબની વિગતે જરુરી પૂર્તતા સહ કોઈ પણ જાતની ત્રૂટી કે, અધુરાશ વગરની નિયત નમુનાના ચેકલીસ્ટ મુજબની દરખાસ્ત તૈયાર કરી <u>દીન–૭ માં</u> અત્રે રજુ કરવા અર્થે આ સાથે <u>અસલ દરખાસ્ત પ્રત–૬</u> પરત કરવામાં આવે છે. જેથી જરુરી પૂર્તતા થયેથી આપશ્રીની માંગણી અન્વયે સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવવાની આગળની કાર્યવાહી અત્રેથી હાથ ધરી શકાય. જે જાણ થવા વિનંતી.

નાયબ વન સંરક્ષક
કચ્છ પશ્ચિમ વન વિભાગ,ભુજ

Scanned with CamScanner